# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

પરિપત્ર:-

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં પાંચમા સેમેસ્ટરમાં કોલેજ ટ્રાન્સફર કરી પ્રવેશ મેળવવા બાબત
સંદર્ભ: ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૬૨/૨૦૧૯, તા:૧૭/૦૬/૨૦૧૯

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈ-બહેનોને જણાવવાનું કે સેમેસ્ટર ૧ થી ૪ની તમામ પરીક્ષાઓ પાસ કરેલ હોય તો જ સેમેસ્ટર-૫ માં પ્રવેશ આપવામાં આવશે તેમ સંદર્ભ પત્રથી જણાવવામાં આવેલ. આચાર્યશ્રીઓની રજૂઆત સંદર્ભે વિચારણા કરી માનનીય કુલપતિશ્રી ધ્વારા વિદ્યાર્થી પાંચમા સેમેસ્ટરમાં જે મુખ્ય વિષય રાખવા ઈચ્છતો હોય અને સંબંધિત કોલેજમાં તે વિષયની માન્યતા ના હોય, વિષય ભણાવાતો ના હોય અથવા તે વિષયનાં અધ્યાપકોની નિમણૂંક થયેલ ના હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીને જે કોલેજમાં તે રાખવા માંગતો હોય તે વિષયની માન્યતા અને અધ્યાપકો હોય તેવી કોલેજમાં પાંચમાં સેમેસ્ટરમાં ટ્રાન્સફરથી પ્રવેશ આપવામાં આવશે.

ઉક્ત બાબતે વિદ્યાર્થીઓએ પોતાની સંબંધિત કોલેજનાં આચાર્યશ્રીનું NOC મેળવી, જે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય ત્યાં રજુ કરવાનું રહેશે. વધુમાં કોલેજ ટ્રાન્સફરથી પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓને ઇન્ટેકની મર્યાદામાં પ્રવેશ આપવાનો રહેશે.

ઈ.ચા.કુલસચિવ

નં.બીકેએનએમયુ/એકેડેમિક/ ૬૮૭ /૨૦૧૯-૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, જૂનાગઢ
તા:૨૨/૦૬/૨૦૧૯

પ્રતિ,
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓ તરફ......**

નકલ રવાના:
૧. માન.કુલપતિશ્રીનાં અંગત સચિવશ્રી
૨. આઈ.ટી. સેલ (વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા અર્થે)